માનવ ગરીમા યોજના અંતર્ગત ટૂલકિટ્સ(Toolkits)ના લાભાર્થીઓની પસંદગીમાં બેવડાપણું(Duplication) ટાળવા અને અન્ય મુદ્દાઓ સુનિશ્ચિત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક: સશપ/૧૦૨૦૧૫/૪૯૫૮૫૩/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૪/૦૮/૨૦૧૮

પરિપત્ર:

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ વિવિધ ખાતાના વડાઓ દ્વારા માનવ ગરીમા યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતી અને વિમુક્ત જાતિ, લઘુમતિ, બિન અનામત આર્થિક પછાત વર્ગ તેમજ દિવ્યાંગોને(Physically Challenged) ટૂલકિટ્સ(Toolkits)ના સ્વરૂપે સહાય આપવામાં આવે છે. ગુજરાત સરકારનો આવી ટૂલકિટ્સ સામાન્ય રીતે ગરીબ કલ્યાણ મેળાઓ સંપૂર્ણ પારદર્શિતા સાથે અપાય તેવો અભિગમ રહ્યો છે. ચાલુ નાણાકીય વર્ષમાં પણ નવેમ્બર-ડિસેમ્બરમાં આવા ગરીબ કલ્યાણ મેળાઓ યોજાય અને રાજ્ય સરકારના વિવિધ વહીવટી વિભાગો અંતર્ગત સમાવાયેલી યોજનાઓની સાથે સાથે સામાજિક ન્યાય અને અધિકારીતા હેઠળની પણ માનવ ગરીમા સહિતની અન્ય વિવિધ યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓ પસંદ કરીને ચાલુ વર્ષે યોજાનાર ગરીબ કલ્યાણ મેળાઓમાં મહત્તમ લાભ અપાય તે સુનિશ્ચિત કરવાનું રહે છે. ચાલુ નાણાકીય વર્ષ એટલે કે સને ૨૦૧૮-૧૯માં યોજાનાર ગરીબ કલ્યાણ મેળામાં વિશેષ કરીને માનવ ગરીમા યોજના અંતર્ગત અને અન્ય યોજનાઓમાં લાભાર્થીઓની પસંદગીમાં એક જ લાભાર્થીને લાભ બેવડાય નહી અને અન્ય યોજનાઓમાં પણ મહત્તમ લાભાર્થીઓનો સમાવેશ થાય તે માટે નીચેની સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

૧. સરકારમાં ઉચ્ચ કક્ષાએ નક્કી થયા મુજબ ચાલુ સાલે યોજનાર ગરીબ કલ્યાણ મેળાઓમાં સરકારે નક્કી કર્યા મુજબ ૨૮ વ્યવસાયો(Trade) અને જે તે વ્યવસાય(Trade) માટે નિર્ધારીત કરેલી ટૂલકિટ્સ(Toolkits)ની કિંમત પ્રમાણે ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ/પરિપત્ર પ્રમાણે લાભાર્થીઓને લાભ આપવાનો રહેશે. ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ/પરિપત્ર બહાર પડ્યે સંબંધિતોને પહોંચાડવામાં આવશે.

૨. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અગાઉ નિર્ધારીત કરેલાં ૪૨ વ્યવસાયો(Trade)ને ધ્યાને રાખીને અખબારોમાં જાહેરાત આપીને લાભાર્થીઓની પસંદગી માટે પ્રક્રિયા હાથ ધરેલી છે. ઉદ્યોગ અને ખાણ વિભાગે નિર્ધારીત કરેલ નવા ૨૮ વ્યવસાયો(Trade)માં ઉપરોક્ત ૪૨ વ્યવસાયોનો એક યા બીજા સ્વરૂપે સમાવેશ થઇ જાય છે છતાં પણ જે જે વ્યવસાયો સમાન સ્વરૂપ(Nature)ના હોય ત્યાં ત્યાં આવી અરજીઓનો નવા ૨૮ વ્યવસાયોમાં સમાવેશ કરી લેવાનો રહેશે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ પણ જે જે અરજીઓ નવા ૨૮ વ્યવસાયોમાં સમાવિષ્ટ કરી શકાય તે તે કિસ્સાઓ કરી લેવાની રહેશે.

૩. અનુભવે જણાયું છે કે, કેટલાક કિસ્સાઓમાં એક જ વ્યકતિ જુદા જુદા વર્ષે અથવા અન્ય વિભાગોમાંથી એક જ પ્રકારની કે જુદા જુદા પ્રકારની ટૂલકિટ્સ(Toolkits) એક કરતાં વધારે વખત લઇ લે છે જેથી જરૂરીયાતમંદ અન્ય લાભાર્થીઓ આવા લાભથી વંચિત રહી જાય છે. આમ આવા લાભો એક જ વ્યક્તિ કે કુટુંબના કિસ્સામાં બેવડાય(Duplication) નહીં તે માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ અમલીકરણ અધિકારીઓએ ચોકસાઇ રાખવાની રહેશે. એક જ અરજદાર લાભાર્થી એક કરતાં વધારે વખત લાભ ન લે તે માટે હાલની ચોકસાઇ અને ચેક અને બેલેન્સની પદ્ધતિ ચાલુ રાખવાની રહેશે, પરંતુ તેમાં નીચેની બાબતોનો પણ ઉમેરો કરવાનો રહેશે.

૩(૧) જિલ્લા કક્ષાએ અનુસૂચિત જાતિના અધિકારીઓ, વિકસતી જાતિના અધિકારીઓ, સમાજ સુરક્ષા ખાતાના અધિકારીઓ તેમજ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીઓએ એકબીજાના પરામર્શમાં લાભાર્થીઓની યાદીઓનું ક્રોસ ચેકીંગ(Cross checking) કરીને એક જ વ્યક્તિ કે કુટુંબમાં લાભ ન બેવડાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૩(૨) જિલ્લા કક્ષાએ લાભાર્થીઓની પસંદગીની દરખાસ્તો સમાજ કલ્યાણ નિરીક્ષક કક્ષાએ તૈયાર થતી હોય છે. નિરીક્ષક કક્ષાએ તૈયાર થયેલી દરખાસ્તો પૈકી ઓછામાં ઓછી ૨૦ ટકા દરખાસ્તોનું રેન્ડમ(Random) Cross verification સબંધિત જિલ્લા કચેરીના વડાએ કરવાનું રહેશે. બે(૦૨) ટકા જેટલી દરખાસ્તોનું રેન્ડમ Cross verification ખાતાના વડાની કચેરીએથી નિયામક

અથવા તેમના પ્રતિનિધિએ કરવાનું રહેશે. સચિવાલયમાં વિભાગ કક્ષાએથી સંબંધિત અધિક સચિવ/સંયુક્ત સચિવ/નાયબ સચિવે સમગ્ર રાજ્યમાં રેન્ડમ પાંચ(૦૫) કેસનું Cross verification કરવાનું રહેશે.

૩(૩) ટૂલકિટ્સના અરજદાર લાભાર્થીએ નોટરાઇઝ સોગંદનમાથી બાંહેધરી આપવાની રહેશે કે તેમણે જાતે અથવા તેમના કુટુંબની કોઇ અન્ય વ્યક્તિએ અગાઉ માનવ ગરીમા યોજના હેઠળ સરકારના કોઇ અન્ય ખાતા હેઠળ ટૂલ કિટ્સ મેળવેલ નથી કે હવે પછી મેળવશે પણ નહી.

૩(૪) માનવ ગરીમા યોજના હેઠળ ગરીબ કલ્યાણ મેળાના સંદર્ભમાં લાભાર્થીઓ પસંદગી માટેની ઉપર્યુક્ત સુચનાઓ સરળીકરણ માટે અને લાભ બેવડાય નહીં તેને માટે બહાર પાડવામાં આવે છે. આ અંગેના નિયત નમૂનાના ફોર્મમાં પણ મહત્તમ સરળીકરણ થાય તે માટે હવે પછી વખતો વખત સમયની માંગ પ્રમાણે સુધારા કરવાના રહેશે. ઉપરોક્ત સુચનાઓના અમલમાં કોઇ મુશ્કેલી ઉભી થાય તો સરકારની પ્રવર્તમાન નીતિની મર્યાદામાં સંબંધિત ખાતાના વડાઓએ મુશ્કેલીઓના નિવારણ માટે સુચનાઓ બહાર પાડવાની રહેશે અને જિલ્લાના સત્તાવાળાઓને માર્ગદર્શન આપવાનું રહેશે.

૩(૫) સમાંતરે માનવ ગરીમા યોજનાના અમલ માટે સત્વરે યોગ્ય સોફ્ટવેર તૈયાર કરાવવાની કાર્યવાહી પણ હાથ ધરવાની રહેશે. ભવિષ્યમાં આવું સોફ્ટવેર તૈયાર થયે માનવ ગરીમાની એન્ટ્રીઓ તેમાં દાખલ કરવાની રહેશે અને યોજનાના અમલીકરણની કામગીરી ઓન લાઇન કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. જી. વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતિ જાતિ કલ્યાણ ખાતું/ અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું/સમાજ સુરક્ષા,
ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ
- સર્વે મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી(વિ.જા.ક.) /નિયામકશ્રી(અ.જા.ક.) મારફતે)
- સેક્શન અધિકારીશ્રી(ગ/છ.૧/બ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- નાયબ સેક્શન અધિકારી સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ

ક્રમાંક: વિજાક/માગયો/૨૦૧૮-૧૯/38470
નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૪/૩,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ફોન નં. ૨૩૨૫૩૨૪૫ થી ૫૩, ફેક્ષ- ૨૩૨૫૩૨૪૬
E-mail: dire-dcw@gujarat.gov.in
તા. 29 /૦૮/૨૦૧૮

નકલ રવાના:- જાણ અને જરૂરીકાર્યવાહી અર્થ

પ્રતિ,
જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા.)......તમામ..
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.)....તમામ.....

(કે.આર.ઝાલા)
સંયુક્ત નિયામક
વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

E:\J D KHANT\New Microsoft Word Document (2).docx